# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૮ તા.૨૭-૧૧-૨૦૨૦

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ફીટ ઇન્ડીયા મુવમેન્ટ અંતર્ગત ફીટ ઇન્ડીયા સ્કુલ વીક, ફીટ ઇન્ડીયા ક્વીઝની ઉજવણી અને ફીટ ઇન્ડીયા થીમેટીક કેમ્પેઇન - ફીટનેસ કી ડોઝ- આધા ઘંટા રોજ અંતર્ગત ફીટ ઇન્ડીયા એપ મારફતે ફીટનેસ એસેસમેન્ટમાં જોડાવા બાબત.

સંદર્ભ :- પત્રક્રમાંક : એસએસએ/QEM/૨૦૨૦/૩૯૪૯૧-૩૯૫૫૯ તા.૨૬-૧૧-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે ફીટ ઈન્ડીયા સ્કૂલ વીક, ફીટ ઈન્ડીયા કવીઝની ઉજવણી કરવાની રહેશે તેમજ ફીટ ઈન્ડીયા થીમેટીક કેમ્પેઈન- 'ફીટનેશ કા ડોઝ આધા ઘંટા રોજ' અંતર્ગત ફીટ ઈન્ડીયા એપ મારફતે ફીટનેશ એસેસમેન્ટમાં જોડાય તેવા પ્રયત્નો કરવાના રહેશે. ડીસેમ્બર-૨૦૨૦ દરમિયાન થનાર ફીટ ઇન્ડીયા સ્કૂલ વીક,ફીટ ઇન્ડીયા ક્વીઝની ઉજવણી અને ફીટ ઇન્ડીયા એસેસમેન્ટ અંગેનો ફોટોગ્રાફ સહીતનો સી.આર.સી.કક્ષાએ અહેવાલ તૈયાર કરી ૫ર મોકલી આપવાનો રહેશે. આ સાથે સામેલ પત્રમાં જણાવેલ કાર્યક્રમ અનુસાર શાળાઓમાં આનુષાંગિક કામગીરી કરવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૭-૧૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત કાઉન્સિલ ઓફ સ્કૂલ એજયુકેશન
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯–૨૩૨ ૩૮૪૦૪
email : ssamstatett@gmail.com

**પત્રક્રમાંક : એસએસ/QEM/૨૦૨૦/ ૩૯૪૯૧ - ૩૯૫૫૯** **તા.૨૬/૧૧/૨૦૨૦**

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,**
**જિલ્લા :** તમામ.

**પ્રતિ,**
**જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા,**
**જિલ્લા :** તમામ.
**શાસનાધિકારીશ્રી :** અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા.

**વિષય : ફીટ ઈન્ડીયા મુવમેન્ટ અંતર્ગત "ફીટ ઈન્ડીયા સ્કુલ વીક, ફીટ ઈન્ડીયા કવીઝની ઉજવણી અને ફીટ ઈન્ડીયા થીમેટીક કેમ્પેઈન – 'ફીટનેસ કા ડોઝ–આધા ઘંટા રોજ' અંતર્ગત ફીટ ઈન્ડીયા એપ મારફતે ફીનેસ એસેસમેન્ટમાં જોડાવા બાબત**

**સંદર્ભ : શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષા મંત્રાલય, ભારત સરકારનો તા.૦૪/૧૧/૨૦૨૦નો પત્રક્રમાંક : 12-1/2020-IS.4(E)**

ભારત સરકારના રમત–ગમત મંત્રાલય ધ્વારા ડીસેમ્બર–૨૦૧૭થી રાષ્ટ્રીય કાર્યક્રમ **'ખેલો ઈન્ડીયા'** શરૂ કરવામાં આવેલ છે. 'શારીરિક તંદુરસ્તી એ જીવનનું અત્યંત અગત્યનું પાસુ છે', આ બાબતને ધ્યાને લઈ માન.પ્રધાનમંત્રીશ્રી ધ્વારા ૨૯ ઓગષ્ટ, ૨૦૧૯ના રોજ **'ફીટ ઈન્ડીયા'** અભિયાન શરૂ કરવામાં આવેલ છે. શારીરિક પ્રવૃત્તિઓ/કસરત એ લોકોની જીવનશૈલીનો ભાગ બને એ તેનો ઉદ્દેશ્ય છે. 'ફીટ ઈન્ડીયા' અભિયાન એ ત્યારે જ સફળ બની શકશે જયારે તે જનસમુદાયનું અભિયાન બને. આપણે તેમાં ઉત્પ્રેરક/પ્રોત્સાહકની ભુમિકા નિભાવવાની છે.

ફીટ ઈન્ડીયા મુવમેન્ટ અને ફીટનેસને પ્રમોટ કરવા માટે ભારત સરકારના યુવા બાબતો અને રમત–ગમત મંત્રાલય ધ્વારા ડીસેમ્બર–૨૦૨૦ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે.

'ફીટ ઈન્ડીયા સ્કૂલ વીક'ના બીજા તબકકાની ઉજવણી ડીસેમ્બર–૨૦૨૦માં કરવામાં આવનાર છે, જેની ઉજવણી માટેની સંભવિત પ્રવૃત્તિઓ આ સાથે સામેલ પત્ર સાથે બિડાણમાં આપેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

ઉપરોકત બાબતો અને આ સાથે સામેલ સંદર્ભિત પત્રની વિગતોને ધ્યાને લઈ આપના જિલ્લાની તમામ શાળાઓ ફીટ ઈન્ડીયા સ્કૂલ વીક, ફીટ ઈન્ડીયા કવીઝની ઉજવણી કરે, તેમજ ફીટ ઈન્ડીયા થીમેટીક કેમ્પેઈન– "ફીટનેસ કા ડોઝ–આધા ઘંટા રોજ" અંતર્ગત ફીટ ઈન્ડીયા એપ મારફતે ફીટનેસ એસેસમેન્ટમાં જોડાય તે માટેની આવશ્યક સુચનાઓ આપવા તેમજ જરૂરી મોનીટરીંગ હાથ ધરવા વિનંતી છે.

ડીસેમ્બર–૨૦૨૦ દરમિયાન થનાર ફીટ ઈન્ડીયા સ્કૂલ વીક, ફીટ ઈન્ડીયા કવીઝની ઉજવણી અને ફીટ ઈન્ડીયા એસેસમેન્ટ અંગેનો ફોટોગ્રાફ સહીતનો જિલ્લા કક્ષાનો એકંદર અહેવાલ તૈયાર કરી qecell@gmail.com પર મોકલી આપવાનો રહેશે. આ અંગે આપના જિલ્લા સબંધિત સમગ્ર શિક્ષા કચેરીના મદદનીશ જિલ્લા કો.ઓ.–કયુઈએમને જરૂરી સુચના આપવા વિનંતી છે.

**સચિવ અને ઓઆઈસી**
**કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ બ્રાન્ચ**
**એસપીઓ, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.**

**બિડાણ :**
સંદર્ભિત પત્રની નકલ

**નકલ સવિનય રવાના :**
– માન.એસપીડીશ્રી, સદર કચેરી.

Santosh Kumar Yadav,
Joint Secretary (SS-I)
Tel: - 011-23387781
E-mail :yadavsk.up@nic.in

भारत सरकार
शिक्षा मंत्रालय
स्कूल शिक्षा और साक्षरता विभाग
शास्त्री भवन
नई दिल्ली — 110 115
GOVERNMENT OF INDIA
MINISTRY OF EDUCATION
DEPARTMENT OF SCHOOL EDUCATION & LITERACY
SHASTRI BHAVAN
NEW DELHI-110 115

DO. No. 12-1/2020-IS.4(E)

Dated : 04th November, 2020

I hope you are ensuring all the Guidelines and Advisories issued by several Central Ministries in your office and organization under your jurisdiction. Fit India Movement was launched by Hon'ble Prime Minister on 29th August 2019 with a view to make physical fitness a way of life. It aims at behavioural changes- from sedentary life style to physically active way of day-to-day living. Fit India would be a success only if becomes a people's movement. We have to play the role of catalyst.

2. Like previous year, Department of Sports, Ministry of Youth Affairs and Sports (MYAS) has planned a series of activities and campaign under the aegis of Fit India Movement to promote fitness across the country in December 2020.

3. The 2nd edition of Fit India School Week will be celebrated in the month of December 2020. The plan of the campaign and proposed activities under Fit India School Week are enclosed at **Annexure 1 and 2**.

4. You are kindly requested to organise the Fit India School Week, Fit India Quiz and contribute in Fitness Assessment through Fit India App and Fit India Thematic Campaign- **"फिटनेस का डोज़- आधा घंटा रोज़"** under the aegis of Fit India Movement on the stated time and the instructions issued in this regard by the Department time to time.

5 The Action taken Report (ATR) of the above activities may be sent to this department through the link given below:

https://docs.google.com/spreadsheets/d/11jxzhdHSE0k6jVI00kuZ5t4HAYVSJ7HYWtwW7kWC1vI/edit#gid=0

Yours Sincerely,

Sd/-
**(Santosh Kumar Yadav)**

To
The Additional Chief Secretary/Principa Secretary / Secretary (Education),
All States and UTs

रवि मित्तल, भा.प्र.से
सचिव

Ravi Mital, IAS
Secretary

सत्यमेव जयते

सचिव
भारत सरकार
खेल विभाग
युवा कार्यक्रम और खेल मंत्रालय

Secretary
Government of India
Ministry of Youth Affairs & Sports
Department of Sports

3rd November, 2020

D.O. No. K-15017/8/2020 – MDSD (Pt.)

Dear Ms Karwal,

Department of Sports, Ministry of Youth Affairs and Sports (MYAS) has planned a series of activities and campaigns under the aegis of Fit India Movement to promote fitness across the country in December 2020.

2. The plan includes Fit India Thematic Campaign- **"फिटनेस का डोज़ - आधा घंटा रोज़"**, Fitness Assessment through Fit India App, Fit India School Week and Fit India Quiz with an aim to reach all the school going children, school staff and their families covering the whole country. (enclosed as Annexure-1)

3. Fit India School Week was launched in December 2019 as a partnership between Department of School Education and Literacy, Ministry of Education and Ministry of Youth Affairs and Sports with an aim to create awareness and disseminate the message of Fit India Movement through schools. The 2nd edition of Fit India School Week will be celebrated in the month of December. The proposed activities under Fit India School Week are annexed as Annexure-2.

4. We request your support in reaching out to maximum number of schools in all states/UTs for celebrating Fit India School Week and other Fit India activities as mentioned above.

With regards,

Yours sincerely,

**(Ravi Mital)**
3/11

**Ms. Anita Karwal**
Secretary, D/o S.E.L., HRD
Room no. 124-C
Shastri Bhawan,
New Delhi – 110001

कमरा सं. 3, 'सी' विंग, शास्त्री भवन, नई दिल्ली–110001 दूरभाष : 011–23388623
**Room No. 3, 'C' Wing, Shastri Bhawan, New Delhi-110001 Tel.: 23388623**
फैक्स / Fax: 011-23388758, ई–मेल / E-mail : secy-sports@nic.in

# FIT INDIA CAMPAIGN- DECEMBER 2020

INDIA

## D/o SEL/ CBSE/ CISCE/ State Education Boards

| Activity/ Event | Roles and Responsibilities |
|---|---|
| 1) Fit India Thematic Campaign- virtual फिटनेस का डोज़ - आधा घंटा रोज़ **(1st December 2020 onwards)** | Promotion of campaign on digital platforms of Department as well as schools. |
| 2) Fitness Assessment through Fit India App **(Date of launch of Fit India App will be communicated later)** | All the teachers, staff, parents to take their fitness assessment and encourage others to do so. |
| 3) Fit India School Week **(1st to 31st December 2020)** | Schools to be encouraged to register on Fit India portal and organise Fit India Week. |
| 4) Fit India Quiz **(Date of launch will be communicated later)** | Asking schools to enroll for the quiz |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૮-A તા.૨૭-૧૧-૨૦૨૦

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- નિષ્ઠા શિક્ષક તાલીમમાં જ જોડાયેલ પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને નિષ્ઠા શિક્ષક તાલીમમાં જોડવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/૧૫૯૦૮-૧૬૦૫૭ તા.૨૫-૧૧-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે એમએચઆરડી અને એનસીઈઆરટીની સૂચના અને માર્ગદર્શન હેઠળ જીસીઈઆરટી દ્વારા નિષ્ઠા શિક્ષક તાલીમ ૧૫ કોર્સનું આયોજન તા.૫- ઓકટોબર થી ૨૭ નવેમ્બર-૨૦૨૦ દરમ્યાન કરવામાં આવેલ હતું. જે શિક્ષકો અને મુખ્ય શિક્ષકો તાલીમમાં જોડાયેલ નથી તો તેમને તા.૧-૧૨-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ દરમ્યાન અંતિમ તબકકાની તાલીમમાં ફરજિયાત જોડાવવાનું રહેશે.

| |
|---|
| નિષ્ઠા શિક્ષક તાલીમનો અંતિમ તબકકો (તમામ મોડયુલ)<br>તારીખ ૦૧ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦<br>લક્ષ્ય જૂથ<br>નિષ્ઠા ઓન દીક્ષા કોર્સના ૧૮ તાલીમ મોડયુઅલની તાલીમમાં ન જોડાયેલ કે<br>કેટલાંક મોડયુલ બાકી હોય તેવા શિક્ષકો અને મુખ્ય શિક્ષકો માટે |

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૭-૧૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

૧૫૯૮૮-૧૬૦૫૭

સત્યમેવ જયતે
નિયામક

ક્રમાંક:જીસીઇઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેકટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખ૨૫/૧૧/૨૦૨૦

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ**
**શાસનાધિકારીશ્રી,તમામ**

**વિષયઃ નિષ્ઠા શિક્ષક તાલીમમાં ન જોડાયેલ પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને નિષ્ઠા શિક્ષક તાલીમમાં જોડવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે એમ.એચ.આર.ડી. અને એન.સી.ઇ.આરટીની સૂચના અને માર્ગદર્શન હેઠળ જીસીઇઆરટી દ્વારા નિષ્ઠા શિક્ષક તાલીમના 18 કોર્સનું આયોજન તા. 5 ઓકટોબર 27 નવેમ્બર 2020 દરમિયાન કરવામાં આવેલ હતું. રાજયના 85 થી 90% શિક્ષકોએ આ તાલીમ સફળતાપૂર્વક મેળવેલ છે. હજુ પણ કેટલાંક શિક્ષકો આ તાલીમ કોઇને કોઇ કારણસર મેળવી શક્યા નથી તે બાબતને ધ્યાને લેતાં તેમજ કોઇપણ શિક્ષકો નિષ્ઠા તાલીમથી વંચિત ન રહે તેવા હેતુસર તમામ 18 તાલીમ મોડયુલ નિષ્ઠા ઓન દીક્ષા કોર્સ સ્વરૂપે દીક્ષા પ્લેટફોર્મ પર તારીખ 01 ડિસેમ્બર થી 31 ડિસેમ્બર 2020 ના સમયગાળા માટે ફરી શરૂ કરવાનું નકકી **થયેલ** છે. *આ તાલીમમાં સરકારી, ગ્રાન્ટેડ, કે.જી.બી.વી, આશ્રમશાળા, કેન્દ્રિય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય, રેલ્વે શાળા અને સૈનિક શાળાના* ***તેમજ ખાનગી શાળાના શિક્ષકો અને મુખ્ય શિક્ષકો જોડાઇ શકશે.***

આ તાલીમમાં શિક્ષકો https://diksha.gov.in/explore ના માધ્યમથી જોડાઇ શકશે. તેમજ નિષ્ઠા ઓન દીક્ષા કોર્સમાં લોગીન **થવા** માટેની સમજ આપતો તેમજ સેલ્ફ ડિકલેરેશન ફોર્મ ભરવા અંગેની સમજ આપતો વીડીયો બાજુમાં આપેલ QR કોડને સ્કેન કરતાં જોઇ શકાશે.

## <u>નિષ્ઠા શિક્ષક તાલીમનો અંતિમ તબક્કો (તમામ મોડયુલ)</u>

**તારીખ 01 ડિસેમ્બર થી 31 ડિસેમ્બર 2020**

**<u>લક્ષ્યજૂથ</u>**

**નિષ્ઠા ઓન દીક્ષા કોર્સના 18 તાલીમ મોડયુલની તાલીમમાં ન જોડાયેલ કે કેટલાક મોડયુલ બાકી હોય તેવા શિક્ષકો અને મુખ્ય શિક્ષકો માટે**

ડિસેમ્બર માસમાં આયોજિત આ અંતિમ તબક્કામાં નિષ્ઠા તાલીમના 18 તાલીમ મોડયુલ પૈકી તમામ અથવા બાકી રહેતા મોડયુલની તાલીમમાં શિક્ષકો અને મુખ્ય શિક્ષકો દીક્ષા પ્લેટફોર્મના માધ્યમથી જોડાઇ શકશે.

**<u>આપના જિલ્લાના 100% શિક્ષકો નિષ્ઠા તાલીમ પ્રાપ્ત કરે તે હેતુસર</u> જે શિક્ષકો નિષ્ઠા શિક્ષક તાલીમમાં ન જોડાયા હોય તેને આ સમયગાળામાં જોડવવા જરૂરી સૂચનાઓ આપની કક્ષાએથી આપવા તેમજ જિલ્લાકક્ષાએ તેના સુચારું સંચાલન અને જરૂરી આયોજન કરવા આથી જણાવવામાં આવે છે.**

આ સાથે ઉકત તમામ મોડયુલની વધુ સ્પષ્ટ સમજ કેળવાય તેવા આશયે બાયસેગ સપોર્ટ પણ આપવામાં આવનાર છે. તેનો પણ તાલીમમાં જોડાનાર શિક્ષકો લાભ મેળવે તે સુનિશ્ચત કરશો.

બાયસેગ પ્રસારણનો સમય ગાળો

| મોડ્યૂલનું ક્રમ | મોડ્યૂલનું નામ | તારીખ | બાયસેગથી પ્રસારણ |
|---|---|---|---|
| 1 | અભ્યાસક્રમ અને સમાવેશી વર્ગખંડો | 01-12-20 | 11-00 to 12.00 |
| 2 | સામાજિક અને વ્યકિતગત ગુણોનો વિકાસ અને સલામત અને સ્વસ્થ શાળા પર્યાવરણનું નિર્માણ | 02-12-20 | 11-00 to 12.00 |
| 3 | શાળામાં સ્વાસ્થ્ય અને આરોગ્ય સુખાકારી | 03-12-20<br>04-12-20 | 11-00 to 12.00<br>11-00 to 12.00 |
| 4 | અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં જાતિગત શિક્ષણનું સમાવેશન | 07-12-20 | 11-00 to 12.00 |
| 5 | અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકનમાં ICT નું સંકલન | 08-12-20 | 11-00 to 12.00 |

| મોડ્યૂલનું ક્રમ | મોડ્યૂલનું નામ | તારીખ | બાયસેગથી પ્રસારણ |
|---|---|---|---|
| 6 | કલા સંકલિત શિક્ષણ | 09-12-20 | 11-00 to 12.00 |
| 7 | શાળા આધારિત મૂલ્યાંકન | 10-12-20 | 11-00 to 12.00 |
| 8 | પર્યાવરણનું પદ્ધતિશાસ્ત્ર | 11-12-20 | 11-00 to 12.00 |
| 9 | ગણિતનું પદ્ધતિશાસ્ત્ર | 14-12-20 | 11-00 to 12.00 |
| 10 | સામાજિક વિજ્ઞાનનું પદ્ધતિશાસ્ત્ર | 15-12-20 | 11-00 to 12.00 |
| 11 | ભાષાઓનું પદ્ધતિશાસ્ત્ર | 16-12-20 | 11-00 to 12.00 |
| 12 | વિજ્ઞાનનું પદ્ધતિશાસ્ત્ર | 17-12-20 | 11-00 to 12.00 |
| 13 | શાળા નેતૃત્વ | 18-12-20 | 11-00 to 12.00 |
| 14 | શાળા શિક્ષણમાં પહેલ | 21-12-20 | 11-00 to 12.00 |
| 15 | પૂર્વ પ્રાથમિક શિક્ષણ | 22-12-20 | 11-00 to 12.00 |
| 16 | પૂર્વ વ્યાવસાયિક શિક્ષણ | 23-12-20 | 11-00 to 12.00 |
| 17 | કોવિડ-૧૯ની પરિસ્થિતમાં શાળા શિક્ષણના પડકારો | 24-12-20 | 11-00 to 12.00 |
| 18 | સી.એસ.એ. અને પોસ્કો | 28-12-20 | 11-00 to 12.00 |

નિયામક
જીસીઇઆરટી
ગાંધીનગર

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર
સમગ્ર શિક્ષા અભિયાન
ગાંધીનગર

**નકલ સવિનય જાણ સારૂ:**

- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર

**નકલ રવાના જાણ તેમજ શાળા મોનીટરીંગની વ્યવસ્થા ગોઠવવા સારું**

- સચિવશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર (બી.આર.સી./સી.આર.સી.ને શાળા મોનીટરીંગની સૂચના આપવા સારૂં)
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ (ડાયેટ લેકચરરને શાળા મોનીટરીંગની સૂચના આપવા સારૂં)